


# પ્રકરણ ૭
# રિયાની ટ્રેન મોડી પડી

A4Q8K8

૨૯ મે



૦૫:૦૦

હું જાગી ગઈ. અમારી ટ્રેન કોઈ પ્લૅટફૉર્મ પર ઊભી હતી. મેં બેઠા થઈ બારીમાંથી જોયું તો સામેની દીવાલ પરની ઘડિયાળમાં સવારના પાંચ વાગ્યાનો સમય દેખાતો હતો. તેની બાજુમાં એક થાંભલા પર ગોળ પાટિયામાં વડોદરા જંક્શન લખેલું હતું. ભાઈ હજુ સૂતો હતો.

માઈકમાં સૂચના આપવામાં આવી રહી હતી કે વડોદરાથી સુરત, વલસાડ, વાપી, મુંબઈ તરફ જવાવાળી અને આવવાવાળી તમામ ટ્રેનો બે કલાક મોડી ચાલશે. પપ્પાએ કહ્યું તમે બ્રશ કરી લો ત્યાં સુધીમાં હું ચા લઈને આવું. અમે સવારની પ્રાત: ક્રિયાઓ પતાવી. એટલામાં પપ્પા ચા લઈને આવ્યા અને મમ્મીએ થેપલાં, ખાખરા અને બિસ્કિટ નાસ્તા માટે કાઢ્યા. અમે ચા-નાસ્તો પતાવ્યો ત્યાં સુધીમાં અજવાળું થઈ ગયું હતું.



હજુ ટ્રેનને ઉપડવાની ઘણી વાર હતી. પપ્પાએ કહ્યું કે ચાલો તમને રેલવે સ્ટેશનની સુવિધાઓ બતાવું. હું અને મારો ભાઈ પપ્પા સાથે ટ્રેનમાંથી નીચે ઊતર્યા.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in




પપ્પાએ અમને ટિકિટબારી, ટિકિટચેકરની રૂમ, પ્રતીક્ષાખંડ, પાર્સલ રૂમ, ટૉઇલેટ-બાથરૂમ, પીવાના પાણીની સુવિધા, ચા-નાસ્તાની કેન્ટીન જેવી સુવિધાઓનાં સ્થળો બતાવ્યાં.

એક પ્લૅટફૉર્મ પરથી બીજા પ્લૅટફૉર્મ પર જવા માટેની સીડીવાળા પુલ ઉપરથી અમે જોયું તો સ્ટેશન ઉપર ઘણી બધી ટ્રેન ઊભેલી જોવા મળી. રેલવેના કર્મચારીઓ પાઇપ વડે ટ્રેનના ડબ્બાઓમાં પાણી ભરતા અને ટ્રેનની સફાઈ કરતા જોવા મળ્યા. કેટલાક સફાઈકામદારો પાટાની આસપાસની સફાઈ કરતા જોવા મળ્યા. સ્ટેશન પર ફરવામાં સમય ક્યાં પસાર થઈ ગયો તેની ખબર જ ન પડી. મને રેલવેની સુવિધાઓ વિશે ખૂબ જ જાણવા મળ્યું. ખરેખર બહુ જ મજા આવી. મેં કેટલીક સુવિધાઓના ફોટા અને વીડિયો પપ્પાના મોબાઇલમાં લીધા છે.

- તમે વિચારો કે રિયાની ટ્રેન વડોદરા સ્ટેશનેથી બે કલાક મોડી કેમ ઊપડી હશે ?

- રિયાએ સ્ટેશન પર કયાં કયાં સ્થળોની મુલાકાત લીધી ?




૨૯ મે

૦૭:૦૦


Q4Q1X9

હવે માઈકમાં સૂચના અપાઈ, અમારી ટ્રેન બે મિનિટમાં વડોદરા સ્ટેશનેથી ચાલશે. અમે પાછા અમારા ડબામાં આવીને બેઠાં. ટ્રેન ચાલી.

સવાર થઈ ગઈ હતી. બહારનું વાતાવરણ ખૂબ જ સુંદર લાગતું હતું.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in




અમારી ટ્રેન સડકમાર્ગના બંધ ફાટક પાસેથી પસાર થઈ રહી હતી ત્યાં લોકો ફાટકની બંને બાજુ ટ્રેન પસાર થવાની રાહ જોઈને ઊભા હતા. ત્યાં બસ, કાર, રિક્ષા, સાઇકલ, સ્કૂટર તેમજ માલ-સામાન ભરેલી ટ્રકો જેવાં વાહનો પણ ઊભા હતાં. કેટલાક લોકો પોતાના વાહન બંધ કર્યા વગર ઊભાં હતાં જેના કારણે ત્યાંનું વાતાવરણ ઘોંઘાટ (noise-નોઈઝ) અને ધુમાડા (smoke-સ્મોક) વાળું હતું. કેટલાક લોકો ફાટકના સળિયા નીચેથી પસાર થઈને પાટાની નજીક આવીને ઊભેલા હતા. ખરેખર તે જોખમી હતું.




તે જ સમયે અમારી ટ્રેનની બાજુમાંથી બીજી ટ્રેન પસાર થઈ. મેં અને હિમાક્ષે તે ટ્રેનના ડબા ગણવા પ્રયત્ન કર્યો પરંતુ બંને ટ્રેન ખૂબ ઝડપથી ચાલતી હતી જેથી ડબા ગણી શકાયા નહીં.

- તમે ક્યારેય રેલવે ફાટક પાસેથી પસાર થયા છો ? જો હા, તો ફાટક બંધ હતું ત્યારે અને ફાટક ખૂલ્યું ત્યારે ત્યાંની હલચલ કેવી હતી તે વિચારીને લખો.

- રિયાએ ફાટક પાસે શું શું જોયું ?

U5G2E2

**શિક્ષક માટે :** વિદ્યાર્થીઓને રેલવે ફાટકના નિયમો સમજાવવા તેમજ ફાટક ઓળંગતી વખતે રાખવાની સાવધાની તથા ટ્રાફિકની સલામતી અને ફરજો બાબતે વિશેષ સમજ આપવી.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in





હું આંખો બંધ કરીને બારી પાસે બેઠી હતી. અચાનક ટ્રેન ચાલવાનો અવાજ બદલાઈ ગયો. ખડ, ખડ, ખડ, ..... મેં મારી આંખો ખોલી. અનુમાન કરો મેં શું જોયું હશે ? મારી ટ્રેન એક મોટી નદી પરનો પુલ પસાર કરી રહી હતી. મમ્મીએ કહ્યું આ નર્મદા નદીનો પુલ છે. આ નદી ગુજરાતની સૌથી મોટી નદી છે. તેનું પાણી નહેર દ્વારા દૂર દૂરના વિસ્તાર સુધી પહોંચાડવામાં આવ્યું છે.

થોડેક દૂર બીજા બે પુલ પણ દેખાતા હતા. તેના પરથી નાના-મોટા વાહનો પસાર થઈ રહ્યા હતાં. પપ્પાએ કહ્યું કે જે પહેલો પુલ દેખાય છે. તેને ગોલ્ડન બ્રિજ કહેવાય છે. તે ખૂબ જ જૂનો અને મજબૂત પુલ છે. તેનાથી આગળ જે પુલ દેખાય છે. તે નર્મદા નદી પર નવો બાંધેલો પુલ છે. તે ભારતના સૌથી મોટા કેબલ બ્રિજ તરીકે ઓળખાય છે.

ઉનાળો હોવા છતાં પણ નદીમાં પાણી ખૂબ હતું. કેટલાક માછીમારો નાવડીમાં માછલાં પકડવા જાળ પાથરીને બેઠેલા જોવા મળ્યા. પુલ લાંબો હોવાથી આ બધું જોવાની ખૂબ જ મજા આવી.



પપ્પાએ કહ્યું કે રાત્રે તમે સૂતા હતા ત્યારે આપણી ટ્રેન સાબરમતી, વાત્રક, મહીસાગર અને વિશ્વામિત્રી જેવી મોટી નદીના પુલ પરથી પસાર થઈ હતી. હવે આગળ સુરત પાસે તાપી નદીનો પુલ આવશે તે જોવાનું ચૂકતા નહિ.

V7N9G3

**શિક્ષક માટે :** વિદ્યાર્થીઓને નકશાની મદદથી ગુજરાતની વિવિધ નદીઓનો પરિચય કરાવવો તેમજ સડકમાર્ગ અને રેલમાર્ગમાં પુલનું મહત્ત્વ તેમજ નદીઓના પાણીના સંગ્રહ માટેના ડેમ વિશે માહિતી આપવી.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in



બહારનાં દૃશ્યો જોવાની ખૂબ જ મજા આવી. નદીકિનારાના વિસ્તારમાં લીલાં પાકવાળાં ખેતરો જોવા મળ્યાં. કેટલાંક ખેતરોમાં કેળાંની ખેતી જોવા મળી. ચારેબાજુ લીલાંછમ વૃક્ષો પણ જોવા મળ્યાં. પવન પણ ખૂબ ઠંડો આવતો હતો. આવી ઠંડી હવાનો અનુભવ મને ગાંધીધામમાં થયો નથી. અમે બહારનું વાતાવરણ જોવામાં મશગૂલ હતાં ત્યાં મમ્મીના મોબાઇલ પર મામાનો ફોન આવ્યો. તે અમને રેલવેસ્ટેશને લેવા આવવાના હતા માટે મમ્મીએ સમાચાર આપ્યા કે અમારી ટ્રેન બે કલાક મોડી ચાલે છે. માટે અમે ૮:૨૫ કલાકે પહોંચવાના બદલે હવે ૧૦:૨૫ કલાકે પહોંચીશું.

- તમે પુલ જોયા છે ? ક્યાં ક્યાં ?

- તમારા વિસ્તારમાં કઈ કઈ નદીઓ આવેલી છે ? તે નદી પર કઈ કઈ જગ્યાએ પુલ બાંધેલા છે તે વિચારીને લખો.

- નદી પર પુલ કેમ બનાવવા પડે છે તે વિચારો અને લખો.

**શિક્ષક માટે :** વિદ્યાર્થીઓને રેલમાર્ગમાં આવતા ડુંગરાળ પ્રદેશો વચ્ચેથી બોગદા (tunnel - ટનલ) બનાવી તૈયાર કરેલ રેલમાર્ગ તેમજ નદી-તળાવ-સરોવર, ખીણોમાંથી પસાર થતા રેલમાર્ગનાં ચિત્રો દ્વારા વધુ માહિતી આપવી.




Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- તમે ક્યારેય પુલ પરથી પસાર થયા છો ? ક્યાં ?

- તમે પુલની આજુબાજુમાં શું જોયું ?

- રિયાની ટ્રેન કઈ-કઈ નદીઓ પરના પુલ પરથી પસાર થઈ હતી ?




૦૯:૦૦



અમારી ટ્રેન એક મોટા શહેર વચ્ચેથી પસાર થઈ રહી હતી. રસ્તામાં મોટા-મોટા સડકમાર્ગના પુલો પણ આવતા હતા. રેલમાર્ગની બંને બાજુ મોટી-મોટી ઈમારતો અને બજાર દેખાતાં હતાં. પપ્પાએ કહ્યું કે આ સુરત શહેર છે. આ શહેર હીરાઉદ્યોગ અને કાપડઉદ્યોગ માટે વિશ્વભરમાં જાણીતું છે. અમદાવાદ પછી ગુજરાતનું આ બીજા નંબરનું મોટું શહેર છે. સ્ટેશન આવતાં ટ્રેન ઊભી રહી.


**શિક્ષક માટે :** વિદ્યાર્થીઓને ભારતનાં વિવિધ રાજ્યો અને પ્રદેશોના પહેરવેશ, રહેણીકરણી, બોલી અને તેમના ખોરાક વિશે વિશેષ માહિતી મેળવીને આપવી. તેનાં ચિત્રો-ચાર્ટ બતાવવા.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

પ્લૅટફૉર્મ પર મુસાફરોની અવરજવર ખૂબ હતી. અહીં ક્યાંક ક્યાંક જુદા-જુદા પહેરવેશવાળા લોકો પણ જોવા મળ્યા. કેટલીક સ્ત્રીઓએ ધોતીની જેમ સાડી પહેરેલી હતી તો કેટલાક પુરુષોએ લુંગીની જેમ સફેદ ધોતી વીંટી હતી. કેટલાક લોકોની બોલી પણ અલગ-અલગ હતી.

પપ્પાએ કહ્યું કે અહીં દેશનાં વિવિધ રાજ્યોના લોકો નોકરી-ધંધા માટે સ્થાયી થયેલા છે.



જેથી અહીં વિવિધ પ્રકારના પહેરવેશવાળા લોકો જોવા મળે છે.

પપ્પા સૂતરફેણી અને ઘારી લઈ આવ્યા જે સુરતની પ્રખ્યાત મીઠાઈ છે. ટ્રેન પાંચેક મિનિટ રોકાઈને ઊપડી.

પપ્પાએ કહ્યું કે હવે નવસારી અને વલસાડ પછી તરત વાપી આવશે. આપણને વાપી પહોંચતાં હવે એકાદ કલાક જેવું લાગશે.

મમ્મીએ મામાને ફોનથી જાણ કરી કે અમારી ટ્રેન એક કલાકમાં વાપી પહોંચશે.

હવે વલસાડથી અમારી ટ્રેન ઊપડી. અમે અમારો સામાન વ્યવસ્થિત કરી દીધો.



મને અને હિમાક્ષને મામાના ઘરે પહોંચવાનો આનંદ હતો. અમારી ટ્રેન હવે વાપી પહોંચવામાં છે, જ્યાં અમારે ઉતરવાનું હતું.


મામાનો ફોન પણ આવી ગયો કે તેઓ અમને લેવા માટે સ્ટેશને પહોંચી ગયા છે. અમારી મુસાફરી લાંબી હતી પણ મેં અને હિમાક્ષે ખૂબ મજા કરી.

હું મારી ડાયરી લખવાનું બંધ કરું છું. મામાના ઘરે પહોંચી બાકીનું લખીશ.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

૨૯ મે



૧૦:૨૫

- તમે કયાં કયાં શહેરો જોયાં છે ? ત્યાં તમે શું શું જોયું ? તે વિચારીને લખો.

- તમે કેવા કેવા પ્રકારના પોશાક પહેરતા લોકો જોયાં છે ? વિચારો અને લખો.

- તમે ગુજરાતી બોલી સિવાય કઈ કઈ બોલી બોલતા લોકોને સાંભળ્યાં છે ?

| | | |
|---|---|---|
| | | |
| | | |

- રિયાની ટ્રેન કયા કયા  રેલવેસ્ટેશન પરથી પસાર થઈ હતી ?

- પૃષ્ઠ-૬૨ પર આપેલ સમયપત્રક (timetable-ટાઈમટેબલ) પરથી રિયાની ટ્રેન જે સ્ટેશન પરથી પસાર થઈ હોય અને અહીં તેનો ઉલ્લેખ ન થયો હોય, તેવાં સ્ટેશનોનાં નામ જણાવો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- તમારા તથા તમારી આસપાસના વિસ્તારનાં ગામ કે શહેરની વખણાતી વાનગી કે ચીજવસ્તુઓની યાદી બનાવો.

  જેમ કે, સુરતની ઘારી, પાટણનાં પટોળાં

| ગામ કે શહેરનું નામ | વખણાતી વાનગી | વખણાતી ચીજવસ્તુ |
|---|---|---|
| | | |
| | | |
| | | |

- ટ્રેનના ડબામાં પાણી અને વીજળી કેવી રીતે આવતી હશે ? ચર્ચા કરો.
- અનુમાન કરો કે તમે ટ્રેનની લાંબી મુસાફરી પર જાઓ છો. સમય પસાર કરવા કઈ કઈ વસ્તુઓ તમે સાથે લેશો ?
- નીચે આપેલાં ચિત્રોમાં દર્શાવેલ વ્યવસાયકારોને ઓળખો અને તેમનાં નામ લખો. તેઓ શું કામ કરે છે, તેની ચર્ચા કરો.






Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in